ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 8th June, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

........................................................................................,

ભાવનગર.

ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા ભાવનગરના લાર્જેસ્ટ 'સુભાષ ૧૨' ૧૨ ઇંચના ટેલીસ્કોપ દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતેથી નિહાળવાની વ્યસ્થા

### સોમવારે ગુરુ ગ્રહના પૃથ્વીના બારણે ટકોરા : વર્ષ દરમ્યાન વધુમાં વધુ નજીક

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૭વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

આપને સૌ જાણીએ છીએ, આપણું બ્રહ્માંડ સૂર્યમાં રહેલ ગુરુત્વાકર્ષણ બળને કરણે સૂર્યને કેન્દ્ર સ્થાને રાખીને સૂર્યમંડળના ૮ ગ્રહો, ઉપગ્રહો, ઉલ્કાઓ, વલયો, ધૂમકેતુઓ વિગેરે સૂર્ય ફરતે લંબ વૃતીય કક્ષામાં પરીભ્રણ કરે છે. આ પરિભ્રમણ ને કરને અનેક જોવા લાયક અને માનવા લાયક અવકાશીય ઘટના બનતી રહે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષીના જણાવ્યા મુજબ આવી જ એક અદભુત ખગોળીય ઘટના ૧૦ જુને, ૨૦૧૯ ની રાત્રી દરમ્યાન થવા જઈ રહી છે. આ ઘટના દરમ્યાન આપણા સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ ગુરુ પૃથ્વીની નાજીક્તમ કક્ષા અંદાજે ૬૪૧ મિલિયન કી.મી.થી પસાર થશે. જેને કારણે ગુરુ ગ્રહ કદમાં વધારે મોટો અને પ્રકાશિત જોવા મળશે. સાથે તેમના મુખ્ય ચાર ચંદ્રો પણ નિહાળી શકાશે.

ઉપરોક્ત નયન આનંદનીય ઘટનાને લોકો સુધી પહોંચાડવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સ્થાપિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા ભાવનગરના લાર્જેસ્ટ 'સુભાષ ૧૨' ૧૨ ઇંચના ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેની વ્યવસ્થા સાથે ઘટના વિષેની વધુ માહિતી આપતો કાર્યક્રમ તા.૧૦-૦૬-૨૦૧૯ ને સોમવાર સંજે ૯ કલાક થી ૧૧ કલાક દરમ્યાન તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે રાખવામાં આવશે. આ ઘટનાને નિહાળવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરડ દ્વારા જીલ્લાની તમામ ખગોળપીછાશુ જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

8-6-19
12:30PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20